# <u>પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી</u>

ગુ.રા., “વીમા અને લેખા ભવન” , બ્લોક નંબર = ૧૮ ,
ડૉ.જીવરાજ મહેતા ભવન સંકુલ, સેક્ટર = ૧૦ બી, ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન નંબર : ૦૭૯-૨૩૨૫૩૨૧૨ , ફેક્સ નંબર : ૦૭૯- ૨૩૨ ૫૩૯૦૬.

---

- **<u>નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીની કામગીરી</u>** :
- રાજ્ય સરકારના વર્ગ - ૧, ૨, અને ૩ ના કર્મચારીઓનાં પેન્શન કેસ અધિકૃત કરવા.
- રાજ્ય સરકારના વર્ગ- ૪ ના કર્મચારીઓના જી.પી.એફ. ખાતાનાં હીસાબ નિભાવવા.
- રાજ્ય સરકારના કર્મચારીઓને અપાયેલ મકાન બાંધકામ પેશગી તથા વાહન પેશગીનાં હિસાબો રાખવા.
- નવી વર્ધિત પેન્શન યોજના અંગેના હીસાબો નિભાવવા.

- **<u>આ કચેરીની વેબસાઇટનું એડ્રેસ</u>** : http://intranet.guj.nic.in/dppf

- **<u>એપેલેટ અધિકારી</u>**

  શ્રી.બી.કે.ત્રિવેદી , નિયામક
  ફોન નંબર : ૦૭૯- ૨૩૨૫૩૨૧૩.

- **<u>જાહેર માહિતી અધિકારી</u>**

  શ્રી.એસ.યુ.ત્રિવેદી , નાયબ નિયામક (વહિવટ)
  ફોન નંબર : ૦૭૯- ૨૩૨૫૪૯૯૭.

## <u>પેન્શનના પ્રકાર</u>

(૧) વયનિવૃતિ પેન્શન.

(૨) નિવૃતિ પેન્શન.

- સ્વૈ. નિવૃતિ ૨૦ વર્ષે - ૨૫ વર્ષે
- ફરજીયાત નિવૃતિ (૫૦-૫૫ વર્ષે રીવ્યુ)

(૩) કુંટુંબ પેન્શન ( કર્મચારીનું અવસાન થતાં)

(૪) અશક્તા પેન્શન

(૫) રહેમિયત પેન્શન.

(૬) વળતર પેન્શન.

(૭) ઘા અથવા ઇજા પેન્શન.

(૮) સેવા ગ્રેજ્યુઇટી.

## <u>પેન્શનની ગણતરી</u>

- વયનિવૃતિ (૫૮ વર્ષે - ૬૦ વર્ષે)
- ઓછામાં ઓછી ૧૦ વર્ષની પેન્શનપાત્ર સેવા હોવી જોઇએ.

<u>પેન્શન</u> :

- છેલ્લા ૧૦/૨૦/૩૬ માસના સરેરાશ પગારની અડધી રકમ.
- ૩૩ વર્ષની સેવા માટે ૧૦૦% પેન્શન ઉપર મુજબ.
- ૩૩ વર્ષ કરતાં ઓછી સેવા હોય તો પ્રમાણસર.

<u>ગ્રેજ્યુઇટી</u> :

- (છેલ્લા પગાર + મોંઘવારી) x $\frac{\text{સેવાના વર્ષ}}{૨}$

<u>કોમ્યુટેશન</u> :

- મુળ પેન્શનના ૪૦% x CVP નો દર x ૧૨

- <u>નિવૃતિ પેન્શન</u> (૨૦ વર્ષે સ્વૈ.નિવૃતિ)
- ત્રણ માસની નોટીસ.
- સેવા ચકાસણી કરાવવી.
- કાલ્પનિક સેવા ઉમેરવી.

- **<u>બિન રાજ્યપત્રિત કર્મચારીઓના કિસ્સામાં ગણતરી</u>** :

૧. જન્મ તારીખ + ૫૦ વર્ષ ( ૦૮-૧૦-૧૯૫૪ + ૫૦ = ૦૯-૧૦-૨૦૦૪)

૨. દાખલ તારીખ + 30 વર્ષ ( ૦૮-૧૦-૧૯૮૦ + 30 = ૦૯-૧૦-૨૦૧૦)

૩. નિવૃતિ તારીખ + ૫ વર્ષ ( 30-૦૬-૨૦૦૮ + ૦૫ = ૨૯-૦૬-૨૦૧૩)

- જે તારીખ વહેલી હોય ત્યાં સુધીની સેવા ઉમેરવાપાત્ર થાય.
- ઉપરોક્ત કિસ્સામાં ક્રમ -૧ મુજબ સ્વૈ. નિવૃતિની તા.30-૦૬-૦૮ થી તા.૦૯-૧૦-૦૯ સુધીની કાલ્પનિક સેવા ઉમેરવાપાત્ર થાય છે.

- **<u>રાજ્યપત્રિત અધિકારીઓના કિસ્સામાં ગણતરી</u>** :

૧. જન્મ તારીખ + ૫૦ વર્ષ ( ૦૮-૧૦-૧૯૫૪ + ૫૦ = ૦૯-૧૦-૨૦૦૪)

૨. દાખલ તારીખ + 30 વર્ષ ( ૦૮-૧૦-૧૯૮૦ + 30 = ૦૯-૧૦-૨૦૧૦)

૩. નિવૃતિ તારીખ + ૫ વર્ષ ( 30-૦૬-૨૦૦૮ + ૦૫ = ૨૯-૦૬-૨૦૧૩)

- જે તારીખ વહેલી હોય ત્યાં સુધીની સેવા ઉમેરવાપાત્ર થાય.
- ૨૦ વર્ષની સ્વૈ. નિવૃતિમા માત્ર કાલ્પનિક સેવાનો લાભ મળવાપાત્ર થાય છે.
- સ્વૈ. નિવૃતિની તા.30-૦૬-૦૮ તેથી ઉક્ત કિસ્સામાં વહેલી તા.૦૯-૧૦-૦૪ હોઇ કાલ્પનિક સેવાનો લાભ મળવાપાત્ર નથી.

- <u>નિવૃતિ પેન્શન</u> (૨૫ વર્ષે સ્વૈ.નિવૃતિ)

- ત્રણ માસની નોટીસ.
- સેવા ચકાસણી કરાવવી.
- કાલ્પનિક સેવા ઉમેરવી.

૧. જન્મ તારીખમાં ૫૮ વર્ષ ઉમેરવા.

૨. દાખલ તારીખમાં 33 વર્ષ ઉમેરવા.

૩. નિવૃતિ તારીખમાં ૦૫ વર્ષ ઉમેરવા.

- જે તારીખ વહેલી હોય ત્યાં સુધીની સેવા ઉમેરવાપાત્ર થાય.
- કાલ્પનિક સેવા તથા કાલ્પનિક પગારનો લાભ મળવાપાત્ર થાય છે.

- <u>અપરિપક્વ નિવૃતિ</u> :

- ૫૦ વર્ષે રાજ્યપત્રિત.
- ૫૫ વર્ષે બિન રાજ્યપત્રિત.
- ત્રણ માસનો નોટીસ પગાર.
- સેવાના સમયગાળા તથા પગારને ધ્યાને લઇ પેન્શન નક્કી કરવામાં આવે છે.

- **<u>કુંટુંબ પેન્શન</u>** ( કર્મચારીના અવસાન કિસ્સામાં)

<u>પેન્શન</u> :

- FP- ૧ સાત વર્ષ સુધી છેલ્લા પગારનાં ૫૦ %
- FP- ૨ સાત વર્ષ પછી છેલ્લા પગારનાં 30 %

<u>ગ્રેજ્યુઇટી</u> :

- ૧ વર્ષ થી ઓછી નોકરી = (છેલ્લા પગાર + ડી.એ.) x ૨
- ૧ વર્ષ કરતાં વધુ પરંતુ ૦૫ વર્ષ થી ઓછી નોકરી.

= (છેલ્લા પગાર + ડી.એ.) x ૬

- ૫ વર્ષ કરતાં વધુ પરંતુ ૨૦ વર્ષ થી ઓછી નોકરી.

= (છેલ્લા પગાર + ડી.એ.) x ૧૨

- ૨૦ વર્ષ કરતાં વધુ નોકરી = (છેલ્લા પગાર + ડી.એ.) x નોકરીના વર્ષ (મહ્ત્તમ 33 વર્ષ)
- વધુમાં વધુ રૂ.3,૫૦,૦૦૦/-

<u>અશકતતા પેન્શન</u> :

- તબીબી પ્રમાણપત્રને આધીન.
- સેવાના સમયગાળા અને પગારને ધ્યાને લઇ પેન્શન નક્કી થાય.
- કર્મચારીને અસંયમ અને અનિયમિત ટેવના લીધે અશક્તિ આવેલ હોય તો આ પેન્શન મળવાપાત્ર નથી.

**<u>રહેમિયત પેન્શન</u> :**

-ગેરવર્તન, નાદારી, કે બિન આવડતના કારણે નોકરીમાંથી છુટા કરવામાં આવે અથવા નિવૃત કરવામાં આવે ત્યારે આ પેન્શન સરકાર દ્વારા મંજુર કરવામાં આવે.

-અશક્તતા પેન્શન ઉપરોક્ત કારણોસર છુટા કરવામાં આવ્યા હોય તો ૨/3 કરતાં વધશે નહી.

- અશક્તતા પેન્શન ઉપરોક્ત કારણોસર નિવુત કરવામાં આવ્યા હોય તો ૨/3 કરતાં વધી શકે છે.

-લઘુત્તમ પેન્શન કરતાં ઓછુ ન હોય.

<u>વળતર પેન્શન</u> :

- નોકરીમાંથી વહીવટી કારણોસર છુટા કરવામાં આવે ત્યારે આ પેન્શન આપવામાં આવે છે.

**<u>અથવા</u>**

- બીજી ઓછા પગારવાળી જગ્યા પર તે સ્વીકારવાનો અને અગાઉની નોકરી પેન્શનપાત્ર ગણવાનો વિકલ્પ આપવામાં આવે છે.

- **<u>ધા અથવા ઇજા પેન્શન</u>** :

- ફરજ દરમિયાન ધા કે ઇજા થાય ત્યારે.
- સરકારી નક્કી કરે તે રકમ.
- જો કાયમી ન હોય તો દર ત્રણ વર્ષે તબીબી પ્રમાણપત્ર રજુ કરવાનું રહે.
- જો કાયમી મંજુર થયેલ હોય તો સેવા પેન્શન ઉપરાંત આ પેન્શન મળશે.

- **<u>સેવા ગ્રેજ્યુઇટી</u>** :

- ૧૦ વર્ષ કરતાં ઓછી સેવાનાં કિસ્સામાં સેવા ગ્રેજ્યુઇટી + મૃત્યુ-સહ-નિવૃતિ ગ્રેજ્યુઇટી મળવાપાત્ર થાય.

-> સેવા ગ્રેજ્યુઇટી = (છેલ્લો પગાર + મોંઘવારી ) x સેવાના વર્ષ

-> મૃત્યુ-સહ-નિવૃતિ ગ્રેજ્યુઇટી = (છેલ્લો પગાર + મોંઘવારી ) x <u>સેવાના વર્ષ</u>

૨

- **<u>રોજમદારોને પેન્શન</u>** :

  - રોજમદારો સરકારી કર્મચારી ગણાતા નથી પરંતુ મા.**x**મ. વિભાગના તાપ્૧-૧૦-૧૯૮૮ ના ઠરાવથી ખાસ જોગવાઇઓ.
  - **<u>બિન-કુશળ રોજમદારો</u>** :
  - નાણાકીય વર્ષ દરમ્યાન ૨૪૦ દિવસ કે તેથી વધુ હાજરી હોય તેવા વર્ષ પેન્શનપાત્ર કે કાયમી સેવા માટે ગણાશે.
  - આવી ૧૦ વર્ષની સેવા થયેથી અથવા તા.૦૧-૧૦-૧૯૮૮ થી નિયમિત પગાર ધોરણ મળવાપાત્ર.
  - તા.૨૪-૦૩-૦૬ પહેલાં નિવૃત/અવસાન ના કેસમાં **<u>કુલ સેવા</u>** પેન્શનપાત્ર.
  - તા.૨૪-૦૩-૦૬ કે પછી નિવૃત/અવસાન ના કેસમાં **<u>કાયમી થયા પછીની જ સેવા</u>** પેન્શનપાત્ર.
  - **<u>કુશળ રોજમદારો</u>** :
  - - ઉપર મુજબ (બિન-કુશળ જેમ) પણ પગાર ધોરણ અલગ.
  - **<u>અર્ધ-કુશળ રોજમદારો</u>** :
  - ઉપરની વિગતે ૧૫ વર્ષની સેવા પછી કાયમી થવા પાત્ર.
  - અન્ય જોગવાઇ ઉપર મુજબ.

- **પેન્શનનું ચુકવણું**

- અત્રેની કચેરી ધ્વારા તથા લોકલ ફંડ કચેરી ધ્વારા જે પેન્શન અધિકૃત કરવામાં આવે છે તેનું જિલ્લા તિજોરી/પેટા તિજોરી ધ્વારા પ્રથમ ચુકવણું કરવામાં આવે છે.
- જે માટે સંબંધિત પેન્શનરે જિલ્લા તિજોરી/પેટા તિજોરીમાં પ્રથમ વખત રૂબરૂ હાજર થવાનું રહે છે.
- ત્યાર બાદ તેમનું માસિક ચુકવણું બેન્ક મારફ્તે (આઇ.આર.એલ.એ. પધ્ધિત મુજબ) કરવામાં આવે છે.
- પ્રથમ ચુકવણા વખતે છેલ્લા પગારનું પ્રમાણપત્ર તથા ખાતાકિય તપાસ ન હોવાનું પ્રમાણપત્ર (ફોર્મ-૨૨ અવસાનના કેસ સિવાય) રજુ કરવાનું હોય છે.
- ત્યાર બાદ દર માસે પેન્શનરના ખાતામાં તિજોરી કચેરી ધ્વારા પેન્શનની રકમ જમા કરાવવામાં આવે છે.
- જ્યારે પેન્શનમાં રિવીઝન થાય છે ત્યારે પેન્શનરના ખાતામાં તિજોરી કચેરી ધ્વારા તફાવતની રકમ જમા કરાવવામાં આવે છે.
- પેન્શનરે વર્ષમાં એક વખત (જુલાઇ થી સપ્ટેમ્બર સુધીમાં) હયાતીની ખાતરીનું પ્રમાણપત્ર રજુ કરવાનું હોય છે.
- પેન્શન મેળવતી ૫૦ વર્ષથી નીચેની ઉંમરની સ્ત્રી પેન્શનરોએ પોતે પુન: લગ્ન નથી કર્યા તે મુજબનું પ્રમાણપત્ર (નમુના-૮) વર્ષમાં એક વખત વાર્ષિક હયાતીની ખરાઇ કરાવતી વખતે આપવાનું હોય છે.
- જે કર્મચારીએ પેન્શનનું રોકડમાં રૂપાંતર કરાવેલ હોય તે પેન્શન રૂપાંતરની તારીખ થી ૧૫ વર્ષ પુરા થયે રી-સ્ટોર થાય છે.

- **નવી વર્ધિત પેન્શન યોજના**

- તા.૦૧-૦૪-૨૦૦૫ પછી રાજ્ય સરકારની નોકરીમાં નિમણુંક પામતા તમામ સરકારી અને પંચાયતના કર્મચારીઓને આ યોજના લાગું પડે છે.
- આ યોજના અન્વયે કર્મચારીના માસિક ફાળા પેટે પગાર + મોંઘવારી ભથ્થાના ૧૦% કર્મચારીનો ફાળો હોય છે તેટલોજ ફાળો રાજ્ય સરકાર જમા કરાવે છે.
- આ અંગેના ખાતા નંબરની ફાળવણી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી ધ્વારા થાય છે.
- એના હિસાબો પણ આ કચેરી નિભાવે છે.

**પેન્શન અંગેના નિયમો/ઠરાવો નીચે વેબસાઇટ ઉપરથી ઉપલબ્ધ થઇ શકશે.**

http://intranet.guj.nic.in/dppf